# Government Arts College, Kaparada
# સરકારી વિનયન કોલેજ, કપરાડા

મુ.પો.- કપરાડા, નિશાળ ફળિયા, પાણીની ટાંકી પાસે, તા.- કપરાડા, જી.- વલસાડ.

પિનકોડ નં. ૩૯૬ ૦૬૭, સ્થાપના વર્ષ : ૨૦૧૨, ઇ-મેઇલ : gackaparada@gmail.com

વેબસાઈટ : www.kapradacollege.org


Lettor No: GACK/સામુ.સે.ધારા.અહે./2021/146 તા. 20/03/2021

## અહેવાલ

તા.19/03/2021 ના રોજ સરકારી વિનયન કોલેજ,કપરાડામાં સપ્તધારા કાર્યક્રમ અંતર્ગત સામુદાયિક સેવાધારા અને રેફરલ હોસ્પિટલ અને સામૂહિક આરોગ્ય કેન્દ્ર, કપરાડાના સંયુક્ત ઉપક્રમે "કોરોના રસીકરણ જનજાગૃતિ અભિયાન" કાર્યક્રમની ઉજવણી કરવામાં આવી હતી આ, કાર્યક્રમ કોલેજના આચાર્યશ્રી ડૉ. ડી.એન.દેવરી ના માર્ગદર્શન હેઠળ યોજવામાં આવ્યો હતો. જનજાગૃતિ આ જનજાગૃતિમાં રેફરલ હોસ્પિટલ અને સામૂહિક આરોગ્ય કેન્દ્રમાંથી ડૉ.મહેશભાઇ આર. પટેલ ( તાલુકા હેલ્થ ઓફિસરશ્રી), શ્રી. ગૌરાંગભાઈ સી. પટેલ. (F.S.Team) શ્રી. દિનેશભાઈ બી. ભાલિયા(F.S.Team) અને શ્રી. ચેતનભાઈ સી. પટેલ (F.S.Team) ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમની શરૂઆત મહેમાનશ્રીઓના સ્વાગતથી કરવામાં આવી હતી. ત્યારબાદ કાર્યક્રમના મુખ્ય મહેમાન તાલુકા હેલ્થ ઓફિસરશ્રી ડૉ.મહેશભાઇ આર. પટેલ સાહેબ દ્વારા કોરોના વાઈરસના ઉદભવ અને સમગ્ર વિશ્વમાં તેની થઈ રહેલી અસર વિષે વિસ્તૃત માહિતી આપી હતી. તેની સાથે સાથે તેમણે કોરોના રસીની શોધ માટે ભારત સરકાર તથા વૈજ્ઞાનિકો દ્વારા થયેલા પ્રયત્નોને બિરદાવ્યા હતા. તથા કોરોના રસી વિષે વિસ્તૃત સમજ આપી હતી. રસી વિષે સમાજમાં ફેલાયેલી વિવિધ ભ્રમણા તેમજ અંધશ્રદ્ધા વિષે માહિતી આપી તેનું ખંડન કર્યું હતું. અને ઉપસ્થિત સૌને અપીલ કરી હતી કે 60 વર્ષની વયવાળાને ફરજીયાતપણે કોઈપણ આશંકા વગર આ રસી લેવા માટે સૂચન કર્યું હતું. ડૉ.મહેશભાઇ આર. પટેલ સાહેબ રસી વિષે જાગરૂકતાની સાથે આરોગ્ય અંગેની સરકારશ્રીની વિવિધ યોજનાઓનો પણ સંક્ષિપ્તમાં પરિચય આપી તેનો લાભ લેવા જણાવ્યું હતું. આ ઉપરાંત કોલેજના સૌ યુવાવસ્થાના વિદ્યાર્થીઓને રકતદાન કરવાની પણ અપીલ કરી હતી.

Govt. Arts College-Kaparada * Dist.Valsad *

કોરોના રસીની વિસ્તૃત માહિતી મેળવ્યા બાદ કોલેજના અધ્યાપકોએ વિદ્યાર્થી સાથે કપરાડા બજારમાં જઈને રસી વિશે ભ્રામક માન્યતા ન રાખી સૌએ સરકારશ્રીના રસીકરણ કાર્યક્રમમાં સહયોગ આપવા લોકોને સમજણ આપી હતી.

"કોરોના રસીકરણ જનજાગૃતિ અભિયાન" કાર્યક્રમમાં કોલેજના તમામ કર્મચારીઓ તેમજ 50 વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. કાર્યક્રમના અંતમાં પ્રાધ્યાપકશ્રી હેમંતભાઈ જે. ખરાડીએ આભારવિધિ કરી હતી.

Govt. Arts College-Kaparada * Dist.Valsad *

Principal
Govt. Arts Collage, Kaparada
Kaparada, Dist.Valsad